ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ જિલ્લામાં 'સર'ની કામગીરીનો પ્રથમ તબક્કો પૂર્ણ : રદ્દ થયેલા નામો અંગે વાંધો રજુ કરી શકાશે

આણંદની મતદારયાદીમાંથી 2.31 લાખ નામો રદ્દ થયાં

આણંદ જિલ્લાના 18.12 લાખ મતદાર ઘટીને 15.80 લાખ મતદાર રહ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.19

આણંદ જિલ્લામાં સરની કામગીરીનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે અને મતદારયાદીનો મુસદ્દો પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ મતદાર યાદીમાં 2.31 લાખ મતદારોના નામ રદ્દ થયા છે, જેમાં મોટા ભાગના મૃતક અને સ્થળાંતર થયા હોય તેવા છે. જોકે, મતદારયાદીમાં 18.12 લાખ મતદારમાંથી ઘટીને 15.80 લાખ થઇ ગયા છે. પરંતુ જે મતદારને પોતાનું નામ રદ્દ થયું હોય તેને હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજુ કરવાના 18મી જાન્યુઆરી, 2026 સુધીનો સમય આપવામાં આવ્યો છે.

ખેડા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણ ચૌધરીએ કલેક્ટર કચેરી આણંદ ખાતે ડ્રાફ્ટ મતદાર યાદી રજૂ કરતા જણાવ્યું હતું કે, આણંદ જિલ્લામાં 28મી ઓક્ટોબરથી મતદારયાદી સઘન સુધારણા કાર્યક્રમની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. આણંદ ખંભાત, બોરસદ, આંકલાવ, ઉમરેઠ, આણંદ, પેટલાદ અને સોજીત્રા વિધાનસભા મતદાર વિભાગોનો સમાવેશ થાય છે. આ 7 વિધાનસભા મતદાર વિભાગમાં 27મી ઓક્ટોબર, 2025ની સ્થિતિએ કુલ 18,12,327 મતદારો નોંધાયાં હતાં.

આ મતદારો માટે ગણતરી ફોર્મનું વિતરણ, ફોર્મ પરત લેવા તથા ડિઝીટાઇઝેશનની પ્રક્રિયા 14મી ડિસેમ્બર, 2025 ના રોજ પૂર્ણ કરવામાં આવી છે. જે કામગીરીના અંતે કુલ 15,80,547 મતદારોના મુસદ્દા મતદારયાદીમાં સમાવેશ કરાયો અને કુલ 2,31,780 વ્યક્તિના નામ મુસદ્દા મતદારયાદીમાંથી કમી થયા છે. વધુમાં કોઈપણ મતદારને મતદારયાદી અંતર્ગત કોઈપણ માહિતીની જરૂરીયાત હોય તો તેઓ આણંદ જિલ્લાની હેલ્પલાઈન નંબર 1950 પર ઓફિસ સમય દરમિયાન રજાના દિવસો સિવાય કોલ કરી માહિતી મેળવી શકે છે.

કઇ વિધાનસભામાં કેટલા નામો રદ્દ થયા

વિધાનસભા	મૃત્યુ	ગેરહાજર	સ્થળાંતર	બે સ્થળે નામો	અન્ય
ખંભાત	8710	1655	8981	2592	69
બોરસદ	11,721	1445	16,305	3016	51
આંકલાવ	9995	1032	11,944	2092	61
ઉમરેઠ	12015	3195	15,173	2797	479
આણંદ	11482	31115	25,099	5178	1301
પેટલાદ	9027	1756	10,891	2719	47
સોજિત્રા	7304	1035	9818	1613	67
કુલ	70,254	41,233	98,211	20,007	2075

વાંધા અરજીઓ 18મી સુધી રજુ કરી શકાશે

આ મતદાર યાદી કલેક્ટર કચેરી, તમામ મતદાર નોંધણી અધિકારી, મદદનીશ મતદાર નોંધણી અધિકારી તથા બુથ પર થનાર હોઇ, તમામ મતદારો પોતાના નામ આ મુસદ્દા મતદારયાદીમાં સમાવેશ થયેલા છે કે કેમ ? તે જોઈ શકશે. તેમજ પરત ન મળેલા ફોર્મ્સની યાદી ઉપર જણાવ્યા મુજબના સ્થળો ઉપરાંત ગ્રામ પંચાયત/નગરપાલિકા કચેરી ખાતે પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત 10મી ફેબ્રુઆરી, 2026 દરમિયાન નોટિસ ઈસ્યુ કરવી, સુનાવણી અને ચકાસણી, ગણતરી ફોર્મ પર નિર્ણય તથા સાથે સાથે મતદાર નોંધણી અધિકારી દ્વારા હક્ક-દાવા અને વાંધા અરજીઓનો નિકાલ કરવામાં આવશે. આ સમયગાળા દરમ્યાન મતદારોએ જરૂરી આધાર પુરાવા રજુ કરવાના રહેશે. જે રજુ ન કર્યેથી આખરી મતદારયાદીમાંથી તેઓના નામ નીકળી જશે. બાદમાં 17મી ફેબ્રુઆરી,2026ના રોજ મતદારયાદીની આખરી પ્રસિધ્ધિ કરવામાં આવશે.

ખેડા જિલ્લામાં મુસદ્દા મતદારયાદીની પ્રસિદ્ધિ કરવામાં આવી, 14.62 લાખથી વધુ મતદારોનો સમાવેશ

ખેડામાં 1.92 લાખ મતદારના નામ ડિલીટ થયાં

મતદાર યાદી શુદ્ધિકરણ કાર્યક્રમ અંતર્ગત 17મી ફેબ્રુઆરીએ આખરી યાદી જાહેર કરાશે

(પ્રતિનિધિ) નડિયાદ, તા.19

ખેડા જિલ્લામાં મતદાર યાદી શુદ્ધિકરણ SIR કાર્યક્રમ અંતર્ગત મહત્વની કામગીરી પૂર્ણ કરીને મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. જિલ્લામાં કુલ 16,55,062 નોંધાયેલ મતદારો પૈકી 14,62,360 મતદારોનો મુસદ્દા મતદારયાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે 1,92,702 જેટલા મતદારોના નામ વિવિધ ટેકનિકલ કારણોસર આ યાદીમાં સમાવવામાં આવ્યા નથી. જિલ્લામાં કુલ 1867 મતદાન મથકો પર 1867 બુથ લેવલ ઓફિસર અને 1714 બુથ લેવલ એજન્ટ દ્વારા આ સમગ્ર કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયા દરમિયાન 19 ડિસેમ્બરના રોજ મુસદ્દા યાદી જાહેર થયા બાદ હવે 18 જાન્યુઆરી 2026 સુધી હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારવામાં આવશે.

વહીવટી તંત્ર દ્વારા મતદાર યાદીની સુધારણા માટે હાથ ધરાયેલ ખાસ સઘન સુધારણા (SIR) કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં 100% કામગીરી સંપન્ન કરવામાં આવી છે. 27 ઓક્ટોબર 2025 ના રોજ શરૂ કરવામાં આવેલ કામગીરીમાં આગામી 19 ડિસેમ્બરના રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે, જેના આધારે નાગરિકો પોતાના હક્ક-દાવા અને વાંધા રજૂ કરી શકશે. ખેડા જિલ્લામાં કુલ 16,55,062 નોંધાયેલા મતદારો છે. વહીવટી પ્રક્રિયા બાદ, જેમાંથી 14,62,360 મતદારોનો સમાવેશ મુસદ્દા મતદાર યાદીમાં કરવામાં આવ્યો છે, જે કુલ મતદારોના 88.36% છે. જ્યારે બાકીના 1,92,702 મતદારો ASD શ્રેણી હેઠળ હોવાનું જણાયું છે, જેમના નામોની ચકાસણી પ્રક્રિયા હેઠળ છે. કલેક્ટરના જણાવ્યા મુજબ આજે પ્રસિદ્ધ કરવામાં આવેલ યાદીમાં જો કોઈપણ મતદારનું નામ ન હોય તો નિરાશ થવાની જરૂર નથી. તેઓ તેમના નામ ASD યાદીમાં શોધીને જરૂરી પુરાવા સાથે બીએલઓ મારફત ઓબ્જેક્શન રજૂ કરી શકે છે.

મતદાર યાદીની શુદ્ધતા માટે કરવામાં આવેલ વર્ગીકરણ મુજબ, જિલ્લામાં કુલ 73,272 મતદારોના મૃત્યુ નોંધાયા છે, જ્યારે 76,673 મતદારો કાયમી સ્થળાંતરિત થયા છે. આ ઉપરાંત 27,942 મતદારો સરનામે મળી આવ્યા નથી અને 13,455 ડુપ્લીકેટ મતોની ઓળખ કરવામાં આવી છે.

ડ્રાફ્ટ રોલમાં શામેલ મતદારોની ટકાવારી

જિલ્લાની વિવિધ વિધાનસભા બેઠકો પરની કામગીરી જોઈએ તો, 120-કપડવંજ બેઠક પર સૌથી વધુ 92.15% મતદારો ડ્રાફ્ટ રોલમાં સામેલ છે. અન્ય બેઠકોમાં માતર (90.17%), મહેમદાવાદ (90.57%), ઠાસરા (90.09%), મહુધા (88.45%) અને નડિયાદ (78.65%) નોંધાયા છે. નડિયાદ બેઠક પર સૌથી વધુ 21.35% મતદારો ASD શ્રેણીમાં જોવા મળ્યા છે.

નડિયાદમાં સગીરા પર દૂષ્કર્મ કેસમાં આરોપીને 20 વર્ષ સખ્ત કેદની સજા

લગ્નની લાલચ આપી સગીરાને હોટલમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યુ હતુ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.19

નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદામાં અનુસૂચિત જાતિની સગીરાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજારવાના કેસમાં આરોપી યુવકને દોષિત ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કોર્ટે આરોપીને કુલ 40 હજારનો રૂપિયાનો દંડ પણ કર્યો છે અને ભોગ બનનાર સગીરાને સરકાર દ્વારા એક લાખ રૂપિયાનું વળતર ચૂકવવા આદેશ કર્યો છે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના લાલપુર (ગાંભોઈ) ગામનો આરોપી અજમેલસિંહ મકવાણા ફરિયાદી પક્ષ સાથે સંબંધ ધરાવતો હતો. આ પરિચયનો લાભ લઈને તેણે સગીરાને લગ્નની લાલચ આપી હતી. અંદાજે એકાદ વર્ષ પહેલા આરોપી સગીરાને હિંમતનગરથી શામળાજી હાઈવે પર આવેલી હોટલ મીરર ક્લબમાં લઈ ગયો હતો. હોટલના રજિસ્ટરમાં કોઈ પણ નોંધણી કરાવ્યા વગર રૂમ રાખીને સગીરાની મરજી વિરુદ્ધ તેની સાથે ત્રણથી ચાર વખત શરીર સંબંધ બાંધ્યો હતો. આ ઘટના બાદ આરોપીએ સગીરાને

ધમકી આપી હતી અને મોબાઈલ ફોન પર બીભત્સ ગાળો પણ ભાંડી હતી. આ અંગે ડાકોર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ પોલીસે તપાસ હાથ ધરી હતી. જોકે, આરોપી ધરપકડથી બચવા માટે એક વર્ષ સુધી નાસ્તો ફરતો રહ્યો હતો, પરંતુ પોલીસની સઘન તપાસ બાદ તેને ઝડપી લેવામાં આવ્યો હતો. આ કેસની તપાસ કરનાર અધિકારી દ્વારા કોર્ટમાં મજબૂત પુરાવા અને 16 જેટલા સાક્ષીઓની જુબાની રજૂ કરવામાં આવી હતી. સરકારી વકીલ દ્વારા કોર્ટમાં દલીલ કરવામાં આવી હતી કે સમાજમાં સગીરાઓ સામે વધતા જતા આવા ગુનાઓને રોકવા માટે આરોપીને કડકમાં કડક સજા થવી જોઈએ.

નડિયાદના સ્પેશિયલ જજ દ્વારા તમામ પુરાવા અને દલીલોને ધ્યાને રાખીને આરોપીને પોક્સો એક્ટની વિવિધ કલમો તેમજ એટ્રોસિટી એક્ટ હેઠળ કસૂરવાર ઠેરવવામાં આવ્યો હતો. કોર્ટે પોક્સો હેઠળ આરોપીને 20 વર્ષની સખત કેદ અને 40 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

લુણાવાડામાં આજે હિન્દુ ધર્મ જાગૃતિ ધર્મસભા યોજાશે

(પ્રતિનિધિ) લુણાવાડા તા.19

લુણાવાડા ખાતે સનાતન ધર્મ જાગૃતિ સેવા અભિયાન દ્વારા પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ધર્મ પ્રસાર યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રાના ભાગરૂપે, દ્વારકા શારદાપીઠાધીશ્વર અનંત વિભૂષિત જગદગુરુ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજી મહારાજ લુણાવાડા પધારી રહ્યા છે. હિન્દુ ધર્મ જાગૃતિ ધર્મસભામાં 20મીને શનિવારના રોજ બપોરે ત્રણ કલાકે લુણાવાડા બાવન પાટીદાર સમાજ ઘર ખાતે મહારાજનું પાવન સાનિધ્ય ભક્તોને પ્રાપ્ત થશે. આ પ્રસંગે જગદગુરુના દર્શન અને આશીર્વાદનો લાભ લેવા માટે મહીસાગર સમસ્ત બ્રહ્મ સમાજ જગદગુરુ શંકરચાર્ય સેવા સમિતિ દ્વારા જણાવ્યું છે.

ખેડા જિલ્લામાં ગોગો સ્મોકિંગ પેપર અને કોન વેચતા 4 પકડાયાં

મહેમદાવાદ, કનેરા અને ખેડા-માતર રોડ પર પોલીસે તપાસ હાથ ધરી મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.19

ખેડા જિલ્લા પોલીસે મહેમદાવાદ, કનેરા તેમજ ખેડા-માતર રોડ પર આવેલી દુકાનો અને પાન પાર્લરોમાં તપાસ કરી પ્રતિબંધિત સ્મોકિંગ પેપર અને રોલિંગ કોન ઝડપી પાડ્યો છે.

ખેડા ટાઉન પોલીસની ટીમે પેટ્રોલીંગ દરમિયાન કનેરા ગામ પાસે આવેલા ચામુંડા કિરાણા સ્ટોર્સમાં તપાસ કરતા દુકાનમાંથી ગોગા પેપર અને સ્મોકિંગ કોન મળી કુલ 1460 રૂપિયાનો જથ્થો મળી આવ્યો હતો. દુકાન માલિક કનૈયાલાલ નાનુભાઈ પ્રજાપતિ પાસે આ વસ્તુઓ રાખવા અંગેનું કોઈ લાયસન્સ કે પરવાનગી ન હોવાથી પોલીસે મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી. આવી જ રીતે એસઓજી ખેડા પોલીસે ખેડાથી માતર જવાના રોડ પર આવેલા લવલી પાન પાર્લર અને તેની બાજુની કેબિનમાં દરોડો પાડ્યો હતો. લવલી પાન પાર્લરમાંથી સ્મોકિંગ કોન અને પેપર મળી કુલ 910 રૂપિયાનો જથ્થો મળ્યો હતો, જેમાં હિતેશભાઈ અરવિંદભાઈ પરમાર સામે કાર્યવાહી કરાઈ હતી. જ્યારે તેની બાજુમાં આવેલી જયદીપ બળવંતભાઈ મહિડાની પાનની કેબિનમાંથી 1065 રૂપિયાની કિંમતના સ્મોકિંગ કોન અને પેપર મળી આવ્યા હતા.

મહેમદાવાદમાં પણ પોલીસે સિદ્ધિવિનાયક મંદિરની બહાર આવેલ ગણેશ પાન સેન્ટરમાં તપાસ હાથ ધરી હતી. દુકાનદાર સંજયભાઈ પ્રદીપભાઈ પટેલ પાસેથી પ્રતિબંધિત રોલિંગ પેપરના 84 નંગ મળી આવ્યા હતા, જેની કિંમત 1260 રૂપિયા જેટલી થાય છે. આ જથ્થો જપ્ત કરી મહેમદાવાદ પોલીસે વેપારી સામે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

આણંદ ઈસ્માઈલનગરમાં બોગસ ડોકટર પકડાયો

(પ્રતિનિધિ) આણંદ, તા. 19

આણંદ પંથકમાં બોગસ ડોકટરની ગેરકાનુની પ્રવૃતી છાશાવારે પકડાઇ રહી છે.ત્યારે આણંદ એલસીબીએ શહેરના ઈસ્માઈલ નગર કબ્રસ્તાન રોડ પરની ગલિયારીઓમાં વધુ એક નકલી ડોકટર પકડાયો હતો.

આણંદ લોકલ ક્રાઇમ બ્રાંચે નકલી ડોકટરને પકડવા આણંદ મેફેર રોડ અર્બન હેલ્થ સેન્ટરના સ્ટાફને સાથે લઇ રેડ પ્લાન કરી હતી અને ઈસ્માઈલ નગર ગલી નં.8 સામે આવેલા પુજા કલીનીક પર પહોચી હતી. જ્યાં ટેબલ ખુરશી પરથી બનાવટી ડોકટર પ્રકાશ પ્રમાર્થ બાલા (મુળ રહે. પરધનબેડીયા પશ્ચિમ બંગાળ) નો ઝડપાયો હતો..જેની પાસેથી કોઇ તબીબી ડિગ્રી કે પ્રમાણપત્ર

મળી આવેલ ન હતુ.તે સાથે ટેબલ પરથી સ્ટેથોસ્કોપ ,બીપી માપવાનું મશીન તથા એલોપેથીક દવાઓનો જથ્થો પકડાયો હતો. આ દરોડામાં એલસીબીએ રૂ.28,320નો મુદ્દામાલ કબ્જે કરી બનાવટી ડોકટર વિરૂધ્ધ આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધી તપાસ ચલાવી હતી.1

રઢુમાં ફ્લાઈંગ સ્કવોડે ગેરકાયદે ખનન કરતાં 5 વાહન જપ્ત કર્યાં

રઢુ ગામમાં ફ્લાઈંગ સ્કવોડે દરોડો પાડી હિટાચી અને 4 ડમ્પર સહિત કરોડોનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.19

ખેડા તાલુકાના રઢુ ગામમાં સરકારી જમીન પર મોટાપાયે ચાલી રહેલા ગેરકાયદેસર માટી ખનન પર ખાણ ખનીજ વિભાગે મોટી કાર્યવાહી કરી છે. ખેડા મામલતદારની હદમાં આવતી સરકારી જમીન પર માટી ચોરીનું મોટું કૌભાંડ આચરવામાં આવી રહ્યું હોવાની ફરિયાદો બાદ ગાંધીનગર ફ્લાઈંગ સ્કવોડ,

નડિયાદ અને અમદાવાદ ખાણ ખનીજ વિભાગની ટીમોએ સંયુક્ત દરોડા પાડી ખનન પ્રવૃત્તિ ઝડપી પાડી છે. આ ઓચિંતી કાર્યવાહી દરમિયાન ઘટનાસ્થળેથી એક હિટાચી મશીન અને 4 ડમ્પર સહિત કરોડો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

ખેડાના રઢુ ગામે સરકારી જમીન ખોદી નાખીને માટી માફિયાઓ દ્વારા લાંબા સમયથી કરોડોનું કૌભાંડ ચલાવવામાં આવતું હતું. ખેડા મામલતદાર કચેરીને આ અંગે અગાઉ અનેક રજૂઆતો અને ફરિયાદો મળી હોવા છતાં સ્થાનિક તંત્ર દ્વારા અત્યાર સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નહોતી. સ્થાનિક તંત્રની આ નિષ્ક્રિયતા અથવા મિલીભગત સામે પણ અનેક સવાલો ઉઠી રહ્યા હતા, ત્યારે રાજ્ય કક્ષાની ફ્લાઈંગ સ્કવોડ અને અન્ય જિલ્લાના ખાણ ખનીજ વિભાગના હસ્તક્ષેપથી આખરે ગેરકાયદેસર ખનન બંધ કરાવવામાં આવ્યું છે. દરોડા દરમિયાન જપ્ત કરવામાં આવેલા તમામ વાહનોને સીઝ કરી દેવામાં આવ્યા છે અને જવાબદારો સામે કાયદેસરની તપાસ શરૂ કરવામાં આવી છે. ખાણ ખનીજ વિભાગની આ ઓચિંતી કામગીરીથી સમગ્ર પંથકમાં ખનીજ માફિયાઓ અને ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારા તત્વોમાં ફફડાટ મચી ગયો છે.

ઓડમાં ચાઈનીઝ દોરી વેચતો શખસ પકડાયો

પોલીસે રૂ.21600- નો મુદ્દામાલ કબ્જે કર્યો

(પ્રતિનિધિ) આણંદ, તા. 19

આણંદના ઓડના કણભઈપુરા પ્રણામી મંદિર પાસે ચાઈનીઝ દોરી વેચાણની ગુનાહિત પ્રવૃતી પકડાઈ હતી.જે અંગે ખંભોળજ પોલીસે રૂ.21600- નો મુદ્દામાલ કબ્જે કરી ગુનાખોર વિરૂધ્ધ ફરીયાદ નોંધી હતી.

આણંદ જિલ્લામાં ઉત્તરાયણનો તહેવાર નજીક આવી રહ્યો છે.ત્યારે બીજી તરફ ચાઈનીઝ દોરી વેચનારાઓના ચેનચાળાઓ રોજબરોજ પકડાઈ રહ્યાં છે. ખંભોળજ પોલીસે આણંદના ઓડ કણભઈપુરા પ્રણામી મંદિર પાસે મહેન્દ્રભાઈ રાજુભાઈ ઠાકોર (રહે.કણભઈપુરા)ને મીણીયાની થેલીમાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરી વેચાણ કરતો પકડયો હતો.જે અંગે પોલીસે પકડાયેલ ત્રણેય થેલીઓમાં તપાસ પડતાલ કરતા સિન્થેટીક કોટીંગ કરેલી પ્રતિબંધીત ચાઈનીઝ દોરીની ફિરકીઓ નંગ.72 કિમંત રૂ.21600નો મુદ્દામાલ પકડાયો હતો. આ અંગે ખંભોળજ પોલીસે ગુનાહિત કૃત્યમાં પકડાયેલ ઈસમ સામે ખંભોળજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધી તપાસ ચલાવી હતી.

આણંદ જિલ્લામાં ચાઈનીઝ દોરી પકડાવાનો સિલસિલો ચાલુ રહ્યો છે. આ વરસે જિલ્લા પોલીસની કડક કાર્યવાહીના પગલે ચાઈનીઝ દોરીમાં થોડો અંકુશ આવ્યો છે. પરંતુ હજુ ખૂણે ખાંચરે વેપલો ચાલુ છે.

કપડવંજ - દાણા અનારા રોડ 23.10 કરોડના ખર્ચે પહોળો કરાશે

નડિયાદ - મોડાસા અને અમદાવાર - ઇન્દોર હાઈવેને જોડતા રોડ પર ટ્રાફિક સમસ્યા હળવી થશે

(પ્રતિનિધિ) કપડવંજ તા.19

કપડવંજ તાલુકાના બે નેશનલ હાઈવેને જોડતો કપડવંજ - દાણા - અનારા રસ્તાની પહોળાઈ સાથેની મંજૂરી મળતા આ વિસ્તારના લોકોમાં આનંદ છવાયો છે. આ અંગે કપડવંજ ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાની રજૂઆતના પગલે સરકારે 23.10 કરોડના ખર્ચે બનનારા રોડની મંજૂરી આપી છે.

નડિયાદ-મોડાસા અને અમદાવાદ-ઈન્દોર બે હાઈવેને જોડતો કપડવંજ - દાણા - અનારા રસ્તાને જિલ્લા પંચાયતમાંથી સ્ટેટમાં મૂકવામાં આવ્યો હતો. આ રસ્તાને પહોળો કરવા આ વિસ્તારના અગ્રણીઓની વર્ષો જૂની માગણી સંતોષાતા ગ્રામજનોમાં અને આ વિસ્તારના અગ્રણીઓ માં આનંદની લાગણી છવાઈ જવા પામેલ છે. આ રસ્તો 15 વર્ષ પહેલા જિલ્લા પંચાયત

દ્વારા રિ-સરફેસ કરવામાં આવ્યો હતો. પરંતુ વર્ષો જતા અને વસ્તી વધતા તેમજ સાધનોની અવરજવર વધતા રસ્તો સાંકડો પડવા લાગ્યો હતો તેમજ આવતા આવતા જતા વાહનોને સાઈડ આપવામાં પણ તકલીફ થતી હતી. આ અંગે અનેકવાર એકસીડન્ટ પણ થયેલા હતા. આ રસ્તાની પહોળાઈ વધારવી ખૂબ જ જરૂરી હતી.

આથી આ રસ્તાની પહોળાઈ વધારવા માટે આ વિસ્તારના આગેવાનો દ્વારા પાંચ સાત વર્ષ પહેલા જિલ્લા પંચાયત હસ્તકથી આ રસ્તાને સ્ટેટમાં મુકાવા મુકાવવામાં આવ્યો હતો. આ રસ્તાની પહોળાઈ વધારવા માટેની રજૂઆતો પણ કરવામાં આવી હતી. પરંતુ રસ્તાની પહોળાઈ ન વધારતા ફક્ત રિ-સરફેસિંગ કામ મંજૂર કરવામાં આવ્યું હતું. જેનું કામ પણ ચાલુ પણ કરેલ હતું. પરંતુ રસ્તાની પહોળાઈ વધારવાની રજૂઆતને ભારપૂર્વક સરકારમાં રજૂ કરવામાં આવી હતી. આ અંગે કપડવંજ-કઠલાલના ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાએ પણ રસ દાખવીને તેમના દ્વારા પણ ભલામણ કરવામાં આવી હતી. અંતે મુખ્યમંત્રી કાર્યાલયમાંથી ફાઈલ મંજુર કરવામાં આવી હતી. આ રસ્તાની પહોળાઈ વધતા આ વિસ્તારના લોકોને અવરજવરમાં સરળતા રહેશે અને અકસ્માતનું પ્રમાણ ઘટશે. જ્યારે અન્ય રસ્તા એટલે કે નડિયાદ - મોડાસા અને ડાકોર - કપડવંજના રસ્તો જ્યારે પણ કોઈ કારણસર બંધ થાય ત્યારે આ રસ્તા ઉપરથી ડાઈવર્ઝન આપવામાં આવે તો પણ આ વિસ્તારના લોકોને કોઈ તકલીફ પડશે નહીં.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225